# વણકર સમાજના આંદોલનનો બીજો દિવસ : સમાજના અગ્રણીઓની હાજરી

ગાંધીનગર, તા. ૨૫

ઉપવાસી છાવણી ખાતે સમાજ ભવનની જમીન મેળવવા એક મહિના માટે ઉપવાસ કરી રાજય સરકાર સમક્ષ સમાજની એકતાનો પરચો વણકર સમાજે બતાવ્યો છે.

શહેરમાં વસતીના ધોરણે બીજા નંબરે વણકર સમાજ હોવા છતાંય ગાંધીનગરમાં સમાજ ભવન નથી. ત્યારે ૨૪ નવેમ્બરના રોજ ઉપવાસ આંદોલન કરનાર વણકર સમાજનો આંદોલનનો આજે બીજો દિવસ હતો. આંદોલનના બીજા દિવસે સેકટર-૧ અને ૨ના વણકર સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.

આંદોલનના ત્રીજા દિવસે અમદાવાદમાં રહેતા વણકર સમાજના ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહેશે. જેમાં સરકારે સમાજની અવગણના કરી છે ત્યારે સમાજ ભવન માટે જમીન મેળવીને જ રહેશે તેવી હાકલ વણકર સમાજ દ્વારા કરવામાં આવી છે.

# સતત ૨૯માં વર્ષે અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી અન્નપૂર્ણા માતાજીના વ્રત દરમ્યાન ગાંધીનગરથી અંબાસણ અન્નપૂર્ણા માતાજી પદયાત્રા સંઘ તા. ૧૫ ડિસેમ્બરથી પ્રસ્થાન કરશે.

સતત ૨૮ વર્ષથી અન્નપૂર્ણા પદયાત્રાનું સફળ આયોજન અન્નપૂર્ણા પદયાત્રા સંઘ દ્વારા કરવામાં આવે છે. જેમાં આગામી ૨૯મા વર્ષે પણ ગાંધીનગરથી અંબાસણ સુધી પદયાત્રા સંઘ જશે. આ પદયાત્રા સંઘ તા. ૧૫ ડિસેમ્બર રવિવારના રોજ સવારે ૭.૦૦ કલાકે કૃષ્ણકાંત ડી. જાની, પ્લોટ નં. ૫૬૦ આંગનફ્લેટ સે. ૨૩ના નિવાસ સ્થાનેથી પ્રસ્થાન થશે. આ પદયાત્રા સંઘમાં જોડાવા ઈચ્છતા પદયાત્રિઓએ પોતાનું રજીસ્ટ્રેશન તા. ૫ ડિસેમ્બર સુધી સુધીર જાની - ૯૪૨૬૬ ૩૦૬૫૨, દિપક જાની - ૯૮૯૮૦ ૩૦૬૫૨, દિનેશ ત્રિવેદી - ૯૮૭૯૧ ૮૧૧૨૯, રૂષિભાઈ જાની - ૯૯૨૫૭ ૮૯૫૮૭ અને એન.ડી. રાવલ - ૮૪૮૭૦ ૮૮૩૯૧ પર સંપર્ક કરવા પદયાત્રઆ સમિતિ દ્વારા જણાવાયું છે.



# રાંધેજા રામજી મંદિર જમીન મામલે નાસતા ફરતા ચારેય આરોપીઓ ઝડપાયા

ગાંધીનગર, તા. ૨૫

રાંધેજામાં જમીન મામલે મંદિર મામલે મંદિર ટર્સટી સાથે ઝઘડો કરી ખૂની હૂમલો કરી છેલ્લા ચાર દિવસથી નાસતા ફરતા ચાર આરોપીને બાતમીના આધારે પેથાપુર પોલીસે રાંધેજા ગામમાંથી ઝડપી પાડ્યા હતા અને તેમની વિરૂદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર નજીક રાંધેજા ગામે ચાર દિવસ અગાઉ રામજી મંદિર ખાતે મંદિર ટ્રસ્ટની જમીન પર ખોટી રીતે બાંધકામ કરવા બાબતે મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી વિનુભાઈ પટેલે વાંધો ઉઠાવતા ગામના જ ચાર શખ્સો મુકેશ રબારી, શૈલેષ રબારી, જીવણ રબારી અને દિનેશ પટેલે ભેગા મળી ટ્રસ્ટી સાથે ઝઘડો કરી લાકડી વડે ખૂની હૂમલો કર્યો હતો અને બાદમાં ઢોર માર મારી ટ્રસ્ટી વિનુભાઈને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ પરથઈ નાશી છૂટ્યા હતા.

આ મામલે ફરિયાદ વિનુભાઈ પટેલની ફરિયાદના આધારે પેથાપુર પોલીસે ચારેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી તેઓની શોધખોળ હાથ ધરી હતી.

પરંતુ આ ચારેય શખ્સો છેલ્લા ચાર દિવસથી ફરાર થઈ ગયા હતા. દરમિયાન આજે પેથઆપુર પોલીસને આ ચારેય આરોપીઓની બાતમી મળતા પોલીસે રાંધેજા ગામે જઈ બાતમી સ્થળેથી ચારેય આરોપીઓને ઝઢપી પાડ્યા હતા અને તેમના વિરૂદ્ધ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## રાયસણ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૨૫

રામ ચરિત માનસ પંચમ સોપાન સુંદરકાંડ પાઠનું આયોજન તા. ૨૬ નવેમ્બર, મંગળવાર, રાત્રે ૮.૦૦ કલાકે રાયસણ ખાતે કરવામાં આવ્યું છે. સુંદરકાંડ પાઠ સંજયભારતી બાપુની વ્યાસ પીઠે કરવામાં આવશે. આ સુંદરકાંડ પાઠમાં સર્વે ગ્રામજનોને ઉપસ્થિત રહી લાભ લેવા સુંદરકાંડ પરિવાર દ્વારા જણાવ્યું છે.

## હરિદ્વાર ખાતે શ્રીમદ્ ભાગવત કથા

ગાંધીનગર, તા. ૨૫

દેવભૂમિ હરિદ્વારની પાવન ધરતી ઉપર પિતૃ મોક્ષાર્થે શાસ્ત્ર, સંગીત અને સાહિત્યના ત્રિવેણી સંગમ સાથે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન તા. ૧ ડિસેમ્બરથી ૭ ડિસેમ્બર સુધી શ્રી કચ્છીલાલ રામેશ્વર આશ્રમ, સપ્ત સરોવર રોડ, હરિદ્વાર ખાતે કરવામાં આવશે. હરિદ્વાર ખાતે યોજાનાર ભાગવત કથાનું રસપાન પ્રસિધ્ધ વકતા અને કથાકાર પ.પૂ.શ્રી કનૈયાલાલજી મહારાજ કરાવશે. કથાનું દિપ પ્રાગટય મહંતશ્રી વિજય હનુમાન કરશે કથાના મુખ્ય યજમાન પદે જયંતિભાઈ નાનુશાલી પૂર્વ ધારાસભ્ય અબડાસા, પોથી યજમાન તરીકે કપિલદેવ રાવલ ગાંધીનગર, કુંજનભાઈ પંડયા ગાંધીનગર, કનુભાઈ પટેલ ધોળકા, રતિભાઈ પંડયા ગાંધીનગર, હંસાબા ઝાલા સુરેન્દ્રનગર રહેશે.

# ચિલોડા મોટા-લેકાવાડા ગામેથી એકિટવામાંથી વિદેશી દારૂ સાથે ત્રણ શખ્સો ઝડપાયા

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના લેકાવાડા પાટિયા ખાતે બે શખ્સો તથા ચિલોડા માર્કેટ યાર્ડ નજીક એકિટવામાં દારૂની બોટલ સાથે ચિલોડા પોલીસે એક શખ્સને કુલ ૧૦ બોટલો રહિત ત્રણ શખ્સોને રંગે હાથ ઝડપી લઈ કાયદેસરનો ગુન્હો દાખલ કર્યો છે.

મળતી માહિતી મુજબ લેકાવાડા પાટિયા ખાતે બે શખ્સો એકિટવા નં. જી.જે.૧૮-સી.ઈ.૦૨૧૧ કાળા કલરવાળા વાહનમાં દારૂની બોટલ રાખી વેચાણ કરતા હોવાની બાતમીને આધારે ચિલોડા પોલિસ સ્ટેશનના પી.આઈ. કે.કે. પંડયા, પી.એસ.આઈ. પી.જે. પંડયા તથા એ.એસ.આઈ. દિલાવરખાન રસુલખાન સહિત સ્થળ પર જઈ તપાસ કરતા લેકાવાડા ગામના રહીશ રણજીતજી ગોકાજી ઠાકોર તથા રોહિતસિંહ વિક્રમસિંહ વાઘેલા બંને શખ્સો એકિટવા સાથે ઉભા હતા ત્યારે એકિટવામાં તપાસ કરતા રૂ. ૩૦૦૦ની કિંમતના વિદેશી દારૂની ૮ બોટલો મળી આવીહતી ત્યારબાદ પોલીસે રૂ. ૩૦૦૦૦ના એકિટવા તથા ૧૦૦૦ની કિંમતનો મોબાઈલ સહિત કુલ રૂ. ૩૪ હજારનો મુદ્દામાલ કબ્જે કરી બંને શખ્સોને ઝડપી લીધા હતા. જયારે ચિલોડા ખાતે આવેલ ચિલોડા માર્કેટ યાર્ડ નજીક એક શખ્સ જી.જે. ૧.જી એફ ૪૭૭ નંબરનું એકિટવા બંધ થઈ જતા રીપેર કરવાની કોશિશ કરી રહ્યો હતો ત્યારે ચિલોડા પોલીસે પેટ્રોલીંગ દરમિયાન શંકાના આધારે એકિટવામાં તપાસ આદરતા અંદરથી ૪ નંગ વિદેશી બોટલ કિંમત રૂ. ૧૪૦૦ તથા એકિટવાની કિંમત રૂ. ૨૫ હજાર, એક મોબાઈલ કિંમત રૂ. ૧૦૦૦ સહિત કુલ રૂ. ૨૯૪૦૦ના મુદ્દામાલ સાથે ઈદરીશભાઈ ઉમેદભાઈ મુલતાણીને ઝડપી લીધો હતો. બંને બનાવ અંગેની વધુ તપાસ પી.એસ.આઈ. પી.જે. પંડયા ચલાવી રહ્યા છે.

# જેસીઆઈ ગાંધીનગર પર એવોર્ડસનો વરસાદ

## પ્રથમ વર્ષે જ કુલ ૧૧ કેટેગરીમાંથી ૯માં એવોર્ડ જીત્યા



ગાંધીનગર, તા. ૨૫

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ ઝોન-૭ના અમદાવાદના ખાનપુર ખાતે આવેલી રાઈફલ કલબ ખાતે યોજાયેલા વાર્ષિક કોન્ફરન્સ ઝોનકોન ૨૦૧૩માં જેસીઆઈ ગાંધીનગરે કુલ ૧૧ કેટેગરીમાંથી ૯ કેટેગરીમાં એવોર્ડસ મેળવી સમગ્ર ઝોનમાં સફળતાનો ડંકો વગાડી દીધો હતો.

આ સમારંભમાં જેસીઆઈ ગાંધીનગરના ફાળે તમામ મુખ્ય ન્યુ લોમ 'લોમ બુલેટીન', ટ્રેનિંગ પ્રોગ્રામ, મેમ્બરશીપ, ડેવલપમેન્ટ, નેશનલ પ્રોગ્રામ, જેસી વોક સેલીબ્રેશન વગેરે કેટેગરીમાં એવોર્ડ આવ્યા હતા. આ ઉપરાંત જેસીઆઈ ગાંધીનગરના પ્રેસીડેન્ટ કેતન નિર્મલને 'આઉટ સ્ટેન્ડીંગ પ્રેસીડેન્ટ' અને મૌલિક પટેલને 'આઉટ સ્ટેન્ડીંગ જેસી'નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઝોન-૭માં કુલ ૪૩ શાખાઓ કાર્યરત છે. જેમાંથી ઘણી શાખાઓ વર્ષોથી કાર્યરત છે. જયારે ગાંધીનગર જેસીઆઈનો પ્રારંભ આ વર્ષે કરવામાં આવ્યો છે ત્યારે મુખ્ય તમામ એવોર્ડસ ગાંધીનગર બ્રાન્ચ દ્વારા પોતાને નામ કરવાનો શ્રેય કેતન નિર્મલને જાય છે. જો કે કેતન નિર્મલે પ્રથમ વર્ષે મળેલી આ સફળતાનો શ્રેય સમગ્ર ગાંધીનગર જેસીઆઈ ટીમને અર્પણ કરી આભાર વ્યકત કર્યો હતો.

# ઘઉંના બિયારણની તીવ્ર અછતથી ખેડૂતો ભારે ચિંતાતુર

## વાવેતર અને ઉત્પાદન પર અસર થવાની શક્યતા

ચિલોડા, તા. ૨૫

ગુજરાતમાં ધરતીપુત્રોમાં કંઈક અંશે કુદરતી અને માનવસર્જિત આફતોના ઓળા હેઠળ જીવતો ખેડૂત વર્ગમાં ખુબ વિકટ સ્થિતિનો છાશવારે અનુભવ કરી રહ્યો છે. જેમાં સર્ટીફાઈડ બિયારણનો આગ્રહ સેવતો ખેડૂત વર્ગમાં બિયારણની તંગીના પગલે ત્રાહિમામ પોકારી રહ્યો છે. એક બાજુ રવીસીઝનના આગમનના પગલે બિયારણની રામાયણ સર્જાઈ છે. જો ઘઉંનો મુખ્ય પાક માટે ખેડૂતો તમામ રીતે સજ્જ બન્યો છે. પણ મુળ પાયામાં બિયારણનો એક પણ દાણો ક્યાંક દર્શન થતા નથી.

એક બાજુ ઘઉંનું વાવેતર વધવાના એંધાણ વર્તાઈ રહ્યા છે જ્યારે બિયારણની તીવ્ર તંગી અને બિયારણના ઊંચા ભાવે ખેડૂતો ભારે દ્વિધાજનક સ્થિતિમાં મુકાયા છે. બિયારણની વધુ માંગ પ્રવર્તતા છતાં બિયારણનો જથ્થો હાલ ઉપલબ્ધ ન હોવાથી બિયારણ વિક્રેતા દ્વારા સહેજ ઊંચા ભાવે વેચાણ કરવા મજબુર બન્યા છે. જેનું ભારે નુકસાન ખેડૂતો વેઠી રહ્યા છે. પરિણામે કદાચ રવી સિઝનમાં વાવેતરનો પીરીયડમાં બિયારણ ન મળતાં વાવેતર તથા ઉત્પાદન પર લાંબા ગાળે અસરના સંજોગો વર્તાઈ રહ્યા છે. હાલમાં ખાનગી કંપની દ્વારા બજારમાં બિયારણનું મહ્દઅંશે વિતરણ કરી રહ્યા છે. જ્યારે સહકારી મંડળીઓમાં બિયારણનું દર્શન ન થતાં ખેડૂતો ખરીદી માટે ફાંફા મારી રહ્યા છે. કેવી બિયારણની રામાયણ ?

# ખેલ મહાકુંભ ૨૦૧૩નો ૨૯મી નવેમ્બરથી પ્રારંભ

## ગ્રામ્ય અને જિલ્લા કક્ષાએ ૨૧ રમતોનો સમાવેશ

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સરકારના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગરના ઉપક્રમે યોજાનાર ગાંધીનગર શહેર અને ગ્રામ્ય કક્ષાનો ખેલ મહાકુંભ ૨૦૧૩, તા. ૨૯ નવેમ્બરથી ૧૨ ડિસેમ્બર સુધી યોજાશે.

મહાનગર પાલિકા દ્વારા આયોજીત જિલ્લાકક્ષાના ખેલ મહાકુંભ-૨૦૧૩ શહેર તેમજ ગામડાના યુવાનોને ઉપયોગી થશે. સ્પર્ધામાં જિલ્લાના યુવાનો રમત પ્રત્યે અભિરુચી રાખી દેશમાં નામ રોશન કરે તેવા હેતુસર આયોજન કરવામાં આવ્યું છે.

સ્પર્ધા જિલ્લાના અલગ-અલગ સ્થળે યોજવામાં આવશે જેમાં તા. ૨૯ના રોજ લોન ટેનીસ અને સ્વીમીંગ સચિવાલય જીમખાના સે. ૨૧ ખાતે, કુસ્તી સે. ૧૫ ખાતે, જુડો જી.ર.પ્ર. સે. ૨૧, હોકી વખારિયા હાઈસ્કૂલ કલોલ ખાતે, સ્કેટીંગ અને લોન ટેનીસ, સ્કૂલ ઓફ એચીવર, કુડાસણ ખાતે તા. ૩૦ના રોજ સ્કેટીંગ કુડાસણ, સ્વીમીંગ-જીમખાના સે. ૨૧ કુસ્તી, સે. ૧૫ ખાતે જુડો સે. ૨૧ ખાતે તા. ૧ ડિસેમ્બરના રોજ હોકી સે. ૧૫ ખાતે, ટેકવેન્ડો પ્ર. કેન્દ્ર સે. ૨૧ ખાતે, તા. ૨જીના રોજ, ટેકવેન્ડો, સે. ૨૧ ખાતે, હેન્ડબોલ - જે.એમ.જી. હાઈ. શેરથા ખાતે, તા. ૩જીના રોજ બેડમીન્ટન-ભાઈઓ- જીમખાના સે. ૨૧, આર્ચરી, એચ.એમ. વિદ્યામંદિર ડભોડા ખાતે, તા. ૪ના રોજ બેડમીન્ટન બહેનો જીમખાના સે. ૨૧ ખાતે, યોગાસન ઓમલેન્ડ ચિલોડા, હેન્ડબોલ-સે. ૧૫ ખાતે, તા. ૫ના રોજ આર્ચરી સ્વામીનારાયણ હાઈ. સે. ૨૩, એસ.બી.એ.પી.એસ. રાયસણ, બેડમીંટન જીમખાના સે. ૨૧ ખાતે, તા. ૬ના રોજ ચેસ-સી.એમ. હાઈ. સે. ૨૩, યોગાશન - આર.સી. પટેલ, સે. ૨૩, શુટીંગ બોલ- કે.જી.એમ. હાઈ. ચરાડા, ફૂટબોલ ભાઈઓ, બી.એ.પી.એસ. - રાયસણ ખાતે, તા. ૭ના રોજ બાસ્કેટ બોલ ભાઈઓ, સે. ૧૫ ખાતે, ફૂટબોલ બહેનો, બી.એ.પી.એસ. રાયસણ ખાતે, રસ્સા ખેંચ - એસ.એસ. રાઠોડ વિદ્યામંદિર મહુડી ખાતે, ટેબલ ટેનીસ ભાઈઓ - જીમખાના સે. ૨૧ ખાતે તા. ૮ના રોજ, ટેબલ ટેનીસ બહેનો-ભાઈઓ, જીમખાના સે. ૨૧ ખાતે, રસ્સા ખેંચ અને શુટીંગબોલ, મહામત્મા ગાંધી મંદિર સે. ૧૬ ખાતે, વોલીબોલ, ચરાડા ખાતે, તા. ૯ના રોજ બાસ્કેટબોલ બી.એ.પી.એસ. રાયસણ ખાતે, ખો-ખો, મહાત્મા ગાંધી સે. ૧૬ ખાતે, તા. ૧૦ના રોજ કબડ્ડી મહાત્મા ગાંધી - સે. ૧૬ ખાતે, એથ્લેટીક્સ મ.દે. વિદ્યાલય, સાદરા ખાતે, તા. ૧૧ના રોજ કબડ્ડી - મહુડી ખાતે, વોલીબોલ સ્વામીનારાયણ હાઈ. સે. ૨૩ ખાતે તેમજ તા. ૧૨ના રોજ ખો-ખો એચ.એમ. વિદ્યામંદિર ડભોડા અને એથ્લેટીક્સ મહાત્મા ગાંધી મંદિર સે. ૧૬ ખાતે યોજવામાં આવશે.

સ્પર્ધામાં ખેલાડીઓએ આઈ.ડી. રીસીપ્ટ અને જન્મતારીખ પૂરાવાની નકલ સાથે રાખવાની રહેશે. તેમ જિલ્લા-રમત-મગત અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ખેલ મહાકુંભ-૨૦૧૩ : ગાંધીનગર મહાનગરપાલિકા ઝોન કક્ષાની સ્પર્ધાનો કાર્યક્રમ

| ક્રમ | રમત | ઝોન-એ | ઝોન-બી | ઝોન-સી | ઝોન-ડી |
|---|---|---|---|---|---|
| ૧ | કબડ્ડી | સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૮/૨, ગાંધીનગર તા. ૨૯-૧૧-૨૦૧૩ | પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦, ગાંધીનગર તા. ૨૯-૧૧-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર તા. ૨૯-૧૧-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ તા. ૨૯-૧૧-૨૦૧૩ |
| ૨. | ખો ખો | સરકારી પ્રાથમિક શાળા સેક્ટર-૨૮/૨, ગાંધીનગર તા. ૩૦-૧૧-૨૦૧૩ | પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય સેક્ટર-૩૦, ગાંધીનગર તા. ૩૦-૧૧-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર ૩૦-૧૧-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ તા. ૨૦-૧૧-૨૦૧૩ |
| ૩. | વોલીબોલ | શ્રી સ્વામિનારાયણ હાઈ. સેક્ટર-૨૩, ગાંધીનગર તા. ૧-૧૨-૨૦૧૩ | માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ સેક્ટર-૨૧, ગાંધીનગર તા. ૧-૧૨-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર તા. ૧-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ તા. ૧-૧૨-૨૦૧૩ |
| ૪. | શુટીંગ બોલ | શેઠ સી.એમ. હાઈસ્કુલ સેક્ટર-૨૩, ગાંધીનગર. તા. ૨-૧૨-૨૦૧૩ | માઈન્ટ કાર્મેલ હાઈસ્કુલ સેક્ટર-૨૧, ગાંધીનગર તા. ૨-૧૨-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર તા. ૨-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭ તા. ૨-૧૨-૨૦૧૩ |
| ૫. | રસ્સા ખેંચ | શેઠ સી.એમ. હાઈસ્કુલ સેક્ટર-૨૩, ગાંધીનગર. તા. ૨-૧૨-૨૦૧૩ | સ્વામી યોગાનંદ હાઈસ્કુલ જીઈબી, ગાંધીનગર તા. ૨-૧૨-૨૦૧૩ | સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલ સેક્ટર-૮, ગાંધીનગર. તા. ૨-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭. તા. ૨-૧૨-૨૦૧૩ |
| ૬. | એથ્લેટીક્સ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર. તા. ૩-૧૨-૨૦૧૩ | માઈન્ટ કાર્મેલ હાઈસ્કુલ સેક્ટર-૨૧, ગાંધીનગર. તા. ૩-૧૨-૨૦૧૩ | સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ સેક્ટર-૮, ગાંધીનગર. તા. ૩-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭. તા. ૩-૧૨-૨૦૧૩ |
| ૭. | ચેસ | શેઠ સી.એમ. હાઈસ્કુલ સેક્ટર-૨૩, ગાંધીનગર. તા. ૪-૧૨-૨૦૧૩ | સ્વામી યોગાનંદ હાઈસ્કુલ જીઈબી ગાંધીનગર. તા. ૪-૧૨-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર તા. ૪-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે. ૭. તા. ૪-૧૨-૨૦૧૩ |
| ૮. | યોગ | આર.સી.પટેલ હાઈસ્કુલ સેક્ટર-૨૩, ગાંધીનગર તા. ૫-૧૨-૨૦૧૩ | સ્વામી યોગાનંદ હાઈસ્કુલ જીઈબી ગાંધીનગર તા. ૫-૧૨-૨૦૧૩ | મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-૧૬, ગાંધીનગર તા. ૫-૧૨-૨૦૧૩ | જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય, સે.૭ તા. ૫-૧૨-૨૦૧૩ |

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૯
સૂર્યાસ્ત : ૫.૫૫

## તાપમાન

મહત્તમ : ૩૩.૦ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૫૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રામલીલા : ૯.૩૦, ૧૨.૪૫, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૯.૪૫, ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
ક્રીશ-૩ : ૬.૪૫
: સ્ક્રીન-૪ :
ગોરી તેરે પ્યાર મે : ૯.૦૦
રામલીલા : ૧૨.૦૦, ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરા પ્યાર મેં : ૯.૦૦, ૧૨.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૨ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ગોરી તેરે પ્યાર મે : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

### સૂર્યા, વાવોલ

સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પાટણથી પાકિસ્તાન : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ગોરી તેરે પ્યાર મે : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
રામલીલા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
સીંઘ સાબ ધ ગ્રેટ : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦
ગોરી તેરે પ્રયાર મેં : ૧.૩૦, ૭.૩૦

### ચિરાગ, કલોલ

ઠાકોરની લોહી ભીની ચુંદડી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- દિલ્હી પબ્લિક સ્કુલ દ્વારા સાંસ્કૃતિ કાર્યક્રમ

## આપની આજ

**મેષ** : વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. કુટુંબીજનો સાથે મતભેદ ઉકેલાશે.

**મિથુન** : સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : પ્રતિસ્પર્ધાના પરીક્ષાર્થીઓ માટે ચયન પરીક્ષાઓમાં ઉત્તમ અવસર. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : સ્વયંની યોજના મુજબ કાર્ય કરવું. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. વ્યાપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : આવકના સાધન પ્રાપ્ત થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તે ધ્યાન રાખવું.

## ચિરવિદાય

- સ્વ. હીરાબેન આત્મારામ પ્રજાપતિ (ઉ.વ. ૮૦) મુ.પો. ધોળાકુવા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. પોપટલાલ વિઠ્ઠલદાસ પોપટ (ઉ.વ. ૭૭) પ્લોટ નં. ૪૪૩, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. દીવાબેન સુખદેવપ્રસાદ જોશી (ઉ.વ. ૮૯) તેજસ સોસાયટી, પ્લોટ નં.-૧૩, સેકટર-૨૩, ગાંધીનગર.
- સ્વ. રાજુભાઈ જવાનભાઈ દંતાલી (ઉ.વ. ૪૨) મુ.પો. જમીયતપુરા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રેવાબેન નાગરદાસ પંચાલ (ઉ.વ. ૮૯) ૨૦, શુભમ બંગ્લોઝ, સોલા, અમદાવાદ.